विद्या सर्वार्थ साधिका

આનંદાલય

અર્ધવાર્ષિક મૂલ્યાંકન કસોટી

ધોરણ – ૬

વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૨૦

તા : ૧૭ .૦૯. ૨૦૨૨ | સમય : ૧ કલાક

નામ ________________ ધોરણ: ________ ક્રમાંક : ________

પ્ર . ૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો .

૧ રાજાએ રાજહંસોને શા માટે ઊડાડી મૂક્યા ? (૨)

૨ કીડીઓએ સાપને શી વિનંતી કરી ? (૨)

પ્ર . ૨ નિર્દેશ પ્રમાણે લખો

અ સમાનાર્થી શબ્દ આપો . (૪)

| | | |
|---|---|---|
| ૧ | પ્રયાસ | |
| ૨ | ગર્વ | |
| ૩ | જીદ | |
| ૪ | ભાસ્કર | |

બ વિરોધાર્થી શબ્દ આપો. (૪)

| | | |
|---|---|---|
| ૧ | ઝેરી | |
| ૨ | પ્રવેશ | |
| ૩ | ચોક્કસ | |
| ૪ | સામાન્ય | |

પ્ર . ૩ અ . નીચે આપેલા અંકોને શબ્દોમાં લખો . (૪)

| | | |
|---|---|---|
| ૧ | ૩૦૨ | |
| ૨ | ૫૬૯૭ | |
| ૩ | ૧૫૦૦ | |
| ૪ | ૮૨૭૫૬ | |

પ્ર . ૪ નીચે આપેલ વાર્તાને આધારે પ્રશ્નોનાં જવાબ આપો (૪)

એક નગરમાં એક વેપારી રહેતો હતો. તેનું નામ હર્ષવર્ધન હતું . તે કપડાનો વેપાર કરતો હતો તેનો સ્વભાવ ખૂબ શાંત , નમ્ર અને વફાદાર હતો .તે ક્યારેય ક્રોધિત થતો ન હતો . એકવાર એક ધનવાન છોકરાને આ વેપારી સાથે મજાક કરવાનું મન થયું . તેણે એવું કામ કરવાનું વિચાર્યું જેથી વેપારી તેના પર ગુસ્સે થઈ જાય .

પેલો ધનવાન છોકરો વેપારીની દુકાનમાં ગયો અને બોલ્યો “ મારે મારી માતા માટે એક સુંદર સાડી ખરીદવી છે .” વેપારીએ તેને ઘણી બધી સાડીઓ બતાવી .

એક ખૂબ જ સરસ સાડી જોઈને ધનવાન છોકરાએ વેપારીને પૂછ્યું , “આ સાડીની કેટલી કિંમત છે ?” વેપારી બોલ્યો , “૧૦૦૦ રૂપિયા”

ત્યારે છોકરાએ વેપારીને ગુસ્સે કરવાના આશયથી તે સાડીના બે ટુકડા કર્યા અને બોલ્યો , “મારે માત્ર અડધી જ સાડી જોઈએ છીએ તો તેની શું કિંમત લેશો ?” વેપારી જરા પણ ગુસ્સે થયા વગર બોલ્યો , “તેના ૫૦૦ રૂપિયા લઇશ .”

આ રીતે છોકરો સાડીના ટુકડા કરવા લાગ્યો અને વેપારીને તેની કિંમત પૂછવા લાગ્યો . વેપારી જરા પણ ગુસ્સે થયા વગર છોકરાને કિંમત કહેતો ગયો . ઘણા બધા ટુકડા કર્યા પછી છોકરો બોલ્યો , “હવે આ સાડી મારે નથી જોઈતી , આ ટુકડા મારા શું કામના ?” વેપારીએ શાંત ભાવે કહ્યું , “ દીકરા આ ટુકડા તારા શું કોઈના પણ કામના રહ્યા નથી .”

છોકરાને હવે શરમ આવી તે બોલ્યો , " મેં તમારું નુકશાન કર્યું છે . તેથી હું તમારી સાડીની પૂરેપુરી કિંમત આપું છું"

વેપારીએ કહ્યું , " જ્યારે તે આ સાડી લીધી જ નથી તો હું તારી પાસેથી પૈસા કેવી રીતે લઈ શકું ?"

છોકરાને અભિમાન આવ્યું એ કહેવા લાગ્યો , " હું બહુ જ અમીર છું . મે તમારું નુકસાન કર્યું છે તો હું તમને પૈસા આપીશ તેનાથી મને કોઈ ફરક નહીં પડે. તમારું નુકસાન મારે ભરપાઈ કરવું જ જોઈએ ."

વેપારીએ કહ્યું , " તારાથી આ નુકશાન પૂરું નહીં થાય. તું વિચાર ખેડૂતે કેટલો શ્રમ કર્યો ત્યારે આ કપાસ તૈયાર થયો. વણકરે વણીને એનું કાપડ તૈયાર કર્યું . રંગારાએ એને રંગ કરીને સુંદર સાડી બનાવી . આટલું બધુ થાય ત્યારે એક સાડી બને છે . તેને કોઈ પહેરે છે. તેનો ઉપયોગ થાય છે . ઘણા બધાને લાભ થાય છે . તે એના ટુકડે ટુકડા કરી નાખ્યા . હવે આ નુકશાન કેવી રીતે ભરપાઈ થશે ?" વેપારીના અવાજમાં સૌમ્યતા અને છોકરા પ્રત્યે ખૂબ જ દયા હતી .

પેલા ધનવાન છોકરાએ વેપારીની માફી માંગી. વેપારીની વાતથી તેનું જીવન બદલાઈ ગયું .

૧ હર્ષવર્ધનનું વ્યક્તિત્વ કેવું હતું ?

૨ છોકરાએ કયા આશયથી સાડીના બે ટુકડા કર્યા ?

૩ સાડી તૈયાર કરવામાં કોનું કોનું યોગદાન રહેલું છે ?

૪ આ વાર્તા તમને કયો સંદેશ આપે છે ?